RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 269* Date: 19 .07.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# લેબલ અલગ, માલ અલગ - મોદીએ વિપક્ષી એકતાને ભ્રષ્ટાચારની દુકાન ગણાવી કર્યા પ્રહાર



લોકસભા ચૂંટણી માટે બેંગલુરુમાં વિપક્ષો દ્વારા એકજૂથ થઈને બેઠક કરી રહ્યા છે ત્યારે આજે વડાપ્રધાન મોદીએ પોર્ટ બ્લેઅરમાં વીર સાવરકર ઈન્ટરનેશનલ એરપોર્ટના લોકાર્પણ દરમિયાન વિપક્ષી એક્તા પર આકરા પ્રહારો કર્યા હતા અને આ બેઠકને હાર્ડકોર ભ્રષ્ટાચાર બેઠક ગણાવી હતી. આ સિવાય મોદીએ કહ્યું કે જે લોકો જાતિવાદનું ઝેર ફેલાવે છે અને ભ્રષ્ટ્રાચાર કરે છે તેઓ બેંગલુરુમાં દુકાનો ખોલીને બેઠા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પોર્ટ બ્લેર એરપોર્ટ ટર્મિનલ બિલ્ડીંગનું ઉદ્ઘાટન વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કર્યું હતું. આ દરમિયાન તેમણે પૂર્વ સરકારો પર આદિવાસી અને ટાપુ વિસ્તારોની અવગણના કરવાનો આરોપ લગાવ્યો. આ સિવાય તેમણે પહેલીવાર તેમણે દિલ્હીના શરાબ કૌભાંડ અને આમ આદમી પાર્ટી પર પણ ઈશારામાં પ્રહારો કર્યા હતા. વિપક્ષી એકતા પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે આ કુળ લોકો એકબીજાના ભ્રષ્ટાચારનો બચાવ કરે છે. વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે જ્યારે દેશની કોઈપણ એજન્સી તેમના પર કાર્યવાહી કરે છે, ત્યારે ટેપ રેકોર્ડર શરૂ થાય છે કે કંઈ થયું નથી. બધું એક ષડયંત્ર છે અને અમને ફસાવામાં આવી રહ્યા છે. તેનો પરિવાર પહેલાથી જ દરેકને ક્લીનચીટ આપે છે. વડાપ્રધાને કહ્યું કે જ્યારે પણ ભ્રષ્ટાચાર થાય છે ત્યારે તેઓ ચૂપ થઈ જાય છે. આ સિવાય પીએમ મોદીએ કોઈનું નામ લીધા વિના રાહુલ ગાંધી, એમકે સ્ટાલિનથી લઈને લાલુ યાદવ સુધી બધાને નિશાન બનાવ્યા હતા. તેમણે કહ્યું કે કરોડોના કૌભાંડમાં જો કોઈ દોષિત સાબિત થાય છે તો તે ખાસ બની જાય છે. આ લોકોને ભ્રષ્ટાચાર પ્રત્યે ભારે લગાવ છે. તેથી જ ૨૦ લાખ કરોડના કૌભાંડોની ગેરંટી આપનારા આ લોકો ખૂબ જ આત્મીયતાથી મળી રહ્યા છે. આ લોકો પરિવારવાદના કટ્ટર સમર્થક છે. આ ઉપરાંત બંગાળમાં પંચાયતની ચૂંટણી થઈ અને રક્તપાત થયો, પણ આ લોકો ચૂપ રહ્યા હતા. પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે હું ભાગ્યશાળી છું કે વર્ષ ૨૦૧૮માં મેં આંદામાનમાં એ જ જગ્યાએ ત્રિરંગો ફરકાવ્યો જ્યાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝે ધ્વજ ફરકાવ્યો હતો. અમારી સરકારે જ નેતાજી સુભાષના નામ પરથી રોસ આઈલેન્ડનું નામ આપ્યું છે. અમારી સરકાર છે જેણે હેવલોક અને નીલ ટાપુને સ્વરાજ અને શહીદ ટાપુ નામ આપ્યું છે.

## મહારાષ્ટ્રમાં ગંભીર અકસ્માત, ઠાણેમાં ટ્રકે જીપને મારી ટક્કર,૬ વિદ્યાર્થીના મોત

ભિવંડી, તા.૧૮

મહારાષ્ટ્રના ઠાણે શહેરમાં એક મોટો અકસ્માત સર્જાયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. અહીં ભિવંડીમાં એક ફુલ સ્પીડે આવી રહેલા કન્ટેનર ટ્રકે વિદ્યાર્થીઓથી ભરેલી જીપને ટક્કર મારી છે. આ ગમખ્વાર અકસ્માત આજે સવારે થયો હતો, જેમાં ૬ લોકોના મોત થયા હોવાની માહિતી મળી રહી છે.એવું કહેવામાં આવ્યું રહ્યું છે કે, જીપમાં કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય લોકો સવાર હતા. આ જીપ પઢગાથી ખડાવલી રેલવે સ્ટેશન જઈ રહી હતી. આ દરમિયાન સામેથી કન્ટેનર ટ્રક આવી રહ્યું હતું, ત્યારે જીપે રોડ ક્રોસ કરતી વખતે અચાનક વળાંક લેતા આ અકસ્માત સર્જાયો હતો. ટ્રકે જીપને એવી જોરદાર ટક્કર મારી કે, જીપ ૧૦૦ મીટર સુધી ઘસડાઈ અને ત્યારબાદ પલટી ગઈ... આ અકસ્માત આજે સવારે ૬.૩૦ કલાકે થયો હતો. આ સમયે આ વિસ્તારમાં ભારે વરસાદ પણ પડી રહ્યો હતો.ઘટનામાં ઘટનાસ્થળે જ ૪ લોકોના મોત થયા છે, જ્યારે હોસ્પિટલમાં લઈ જતી વખતે ૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ અકસ્માતમાં ૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ૩ લોકોને સામાન્ય ઈજા પહોંચી છે. આ તમામ લોકોની ભિવંડીની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## માનહાનિ કેસમાં સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીની અરજીનો કર્યો સ્વીકાર, ૨૧મી જુલાઇએ થશે સુનાવણી



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ‘મોદી સરનેમ‘ સાથે સંકળાયેલા ગુનાહિત માનહાનિ કેસમાં ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. કોંગ્રેસ વતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને આ મામલે તાત્કાલિક સુનાવણીની માંગણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે તાત્કાલિક સુનાવણી કરવા સંમતિ આપી છે. આ મામલે ૨૧ જુલાઈએ સુનાવણી થશે. આ અરજી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી દ્વારા દાખલ કરવામાં આવી છે. ગુજરાત હાઈકોર્ટે ૭ જુલાઈના રોજ આ કેસમાં રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યો હતો. આ મામલામાં નીચલી કોર્ટના નિર્ણય બાદ રાહુલ ગાંધીની સંસદ સભ્યતા રદ કરવામાં આવી હતી.ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું કે ટ્રાયલ કોર્ટનો આદેશ સાચો છે. આ આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી, તેથી અરજી નકારી કાઢવામાં આવે છે. ૨૦૧૯માં રાહુલ ગાંધીએ મોદી સરનેમ પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. આ મામલે તેમની સામે માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ વર્ષે નીચલી અદાલતે તેમને દોષિત ઠેરવ્યા અને બે વર્ષની સજા સંભળાવી. રાહુલ ગાંધીએ ૧૩ એપ્રિલ ૨૦૧૯ના રોજ કર્ણાટકના કોલારમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું, ×નીરવ મોદી, લલિત મોદી, નરેન્દ્ર મોદીની અટક કોમન કેમ છે? બધા ચોરની અટક મોદી કેમ છે? રાહુલના આ નિવેદનને લઈને ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ તેમની વિરુદ્ધ કલમ ૪૯૯, ૫૦૦ હેઠળ ગુનાઈત માનહાનિનો કેસ દાખલ કર્યો હતો.

## ઈરાન સામે અમેરિકાની લાલ આંખ, મધ્ય પૂર્વ એશિયામાં તૈનાત કર્યા એફ-૩૫ અને એફ-૧૬ જહાજો

વોશિંગ્ટન,તા.૧૮



હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની નૌસેનાની હિલચાલને જોતા અમેરિકાએ પોતાની વાયુસેનાના એફ-૩૫ અને એફ-૧૭ તમેજ ડિસ્ટ્રોયર પ્રકારના યુધ્ધ જહાજ થોમસ હેડનરને મિડલ ઈસ્ટમાં તૈનાત કરવા માટે આદેશ આપ્યો છે. જેના કારણે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી શકે છે. પેન્ટાગોને કહ્યુ છે કે, અમેરિકન હિતોની તેમજ આ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય જહાજોની અવર જવરની સુરક્ષા માટે અમેરિકા લડાકુ વિમાનોની તૈનાતી કરી રહ્યુ છે. હોર્મુઝ સ્ટ્રેટમાં તાજેતરમાં જ બે એવી ઘટનાઓ બની હતી જેના કારણે યુએસ સેન્ટ્રલ કમાન્ડને પોતાના યુધ્ધ જહાજો અને ફાઈટર જેટ્સને મોકલવા પડ્યા છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં ઈરાની નૌસેનાના જહાજોએ હોર્મુઝ સ્ટ્રેટ તેમજ ઓમાનની ખાડીમાં વેપારી જહાજોને કબ્જે કરવાની કોશિશ કરી હતી. તે વખતે અમેરિકન નૌસેનાએ જહાજોનો બચાવ કર્યો હતો. એક ઘટનામાં ઓઈલ ટેન્કર પર ઈરાનના સુરક્ષાબળોએ ફાયરિંગ કર્યુ હતુ અને જહાજને ટક્કર પણ મારી હતી. પેન્ટાગોનનુ માનવુ છે કે, ઈરાન આ દરિયાઈ માર્ગ થકી વેપાર કરવાની આઝાદી પર ખતરો ઉભુ કરી રહ્યુ છે. કારણકે દુનિયાનો સૌથી વધારે ઓઈલ સપ્લાય આ રૂટ પરથી થાય છે.

## મહારાષ્ટ્રમાં બીજેપી નેતા કિરીટ સોમૈયાનો વાંધાજનક વીડિયો વાયરલ

મહારાષ્ટ્ર ભાજપના નેતા કિરીટ સોમૈયાને દર્શાવતી એક પોર્ન સીડી વાયરલ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ વીડિયોને એક મરાઠી ચેનલે બ્લર કરીને પ્રકાશિત કર્યો છે. ચેનલ દાવો કરી રહી છે કે આ વીડિયો તેમના હાથમાં છે, જેમાં કિરીટ સોમૈયા વાંધાજનક હાલતમાં જોવા મળી રહ્યા છે.જોકે, સોમૈયાએ રાજકીય ષડયંત્રનો આરોપ લગાવીને વીડિયોની તપાસની માગ કરી છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે સોમૈયા સામે કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. તે જ સમયે, શિવસેનાના ઉદ્ધવ જૂથના નેતા અંબાદાસ દાનવેએ આ મામલો વિધાન પરિષદમાં ઉઠાવવાની વાત કરી છે.

વીડિયો વાયરલ થયા બાદ તરત જ કિરીટ સોમૈયાએ ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યો હતો. જેમાં તેણે વીડિયોને ફેક ગણાવ્યો હતો. આ સાથે તેણે ફૂટેજની તપાસની માગ કરી છે.સોમૈયાનું કહેવું છે કે આ બધું તેમની પ્રતિષ્ઠાને કલંકિત કરવાના ઈરાદાથી કરવામાં આવી રહ્યું છે. તેણે કહ્યું, ‘હું નિર્દોષ છું અને મેં ઘણા મોટા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો છે. એટલા માટે મારી વિરુદ્ધ ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

## દિલ્હીમાં આગામી ૫ દિવસ સુધી વરસાદનું એલર્ટ:ઉત્તરાખંડમાં ડેમ તૂટ્યો

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક ટેમ્પો પર ભૂસ્ખલન થયું હતું. જેના કારણે તે નીચે ખીણમાં પડી ગયો હતો. - હૈદૃઅક્ર મ્રક્રજાક્રઉિત્તરાખંડના ઉત્તરકાશીમાં એક ટેમ્પો પર ભૂસ્ખલન થયું હતું. જેના કારણે તે નીચે ખીણમાં પડી ગયો હતો.દિલ્હીમાં મંગળવારે યમુના નદીનું જળસ્તર ઘટતું જોવા મળ્યું હતું. સવારે ૭ વાગ્યે પાણીનું સ્તર ૨૦૫.૭૧ મીટર નોંધાયું હતું.બીજી તરફ, દિલ્હીના સીએમ કેજરીવાલે લોકોને રાહત શિબિરમાં રહેવા કહ્યું છે કારણ કે પાણીનું સ્તર સતત ઘટી રહ્યું છે.હવામાન વિભાગે આગામી ૪-૫ દિવસ સુધી દિલ્હીમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદની ચેતવણી જારી કરી છે

## જમ્મુ-કાશ્મીરમાં ચાર આતંકવાદીને ઢાળી દીધાઃપૂંછમાં ૯ કલાક સુધી એન્કાઉન્ટર ચાલ્યું, ગઈકાલે LoC નજીક બે ઘૂસણખોરોને ઠાર કર્યા હતા

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સિંધરા વિસ્તારમાં સેનાએ સંયુક્ત ઓપરેશનમાં ચાર આતંકવાદીઓને ઠાર કર્યા છે. સુરક્ષા દળો વચ્ચે પ્રથમ એન્કાઉન્ટર ગઈ રાત્રે લગભગ ૧૧:૩૦ વાગ્યે થયું હતું, ત્યારબાદ આખી રાત સર્ચ ઓપરેશન ચાલુ રહ્યું. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે ગોળીબાર સાથે આજે સવારે ફરી એન્કાઉન્ટર શરૂ થયું હતું.ભારતીય સેનાના વિશેષ દળો, રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ અને કાશ્મીર પોલીસના જવાનો આ ઓપરેશન હાથ ધર્યું હતું. ઓપરેશનમાં માર્યા ગયેલા તમામ આતંકવાદીઓ વિદેશી છે અને તેમની ઓળખ કરવામાં આવી રહી છે.

સુરક્ષા દળોને સોમવારે સાંજે સિંધરા વિસ્તારમાં કેટલાક આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. સેનાના સર્ચ ઓપરેશન દરમિયાન લગભગ ૯ કલાક સુધી આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર પણ થયો હતો. આખી રાત આતંકવાદીઓ પર નજર રાખવામાં આવી હતી.?????આ પછી મંગળવારે સવારે આતંકવાદીઓ અને સુરક્ષાદળો વચ્ચે ફરી ગોળીબાર શરૂ થયો હતો. આ દરમિયાન સુરક્ષાદળોએ ચાર આતંકીઓને ઠાર કર્યા હતા. આ પહેલા જૂન મહિનામાં સુરક્ષા દળોએ કુપવાડામાં પાંચ આતંકીઓને ઠાર કર્યા હતા. આ તમામ આતંકવાદીઓ વિદેશી નાગરિકો હતા.સેના અને જમ્મુ અને કાશ્મીર પોલીસે ૧૬-૧૭ જુલાઈની વચ્ચેની રાત્રે પૂંછ જિલ્લાના કૃષ્ણા ઘાટી સેક્ટરમાં ઘૂસણખોરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

## તંત્રી લેખ......

# માંડવાળ કરેલી લોનની રિકવરી માટે બેંકો વન ટાઈમ સેટલમેન્ટને ઝડપી બનાવશે

મુંબઈ : દેશની જાહેર ક્ષેત્રની બેન્કો માંડવાળ કરેલી લોન્સમાં આગામી દિવસોમાં વન ટાઈમ સેટલમેન્ટ (ઓટીએસ)ને ઝડપી બનાવશે તેવી ધારણાં રાખવામાં આવી રહી છે. માંડવાળ કરેલી લોનની રકમના ચાલીસ ટકા રિકવરી ટાર્ગેટ રાખવા રિઝર્વ બેન્ક દ્વારા તાજેતરમાં બેન્કોને અપાયેલી સૂચનાને ધ્યાનમાં રાખી બેન્કો ઓટીએસને ઝડપી બનાવવા ધારે છે.૩૧મી માર્ચ ૨૦૨૨ના સમાપ્ત થયેલા છ વર્ષમાં બેન્કોએ કુલ રૂપિયા ૮.૧૬ લાખ કરોડની લોન્સને તેમના ચોપડામાંથી માંડી વાળી હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું. નાણાં વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ નવ મહિનામાં જાહેર ક્ષેત્રની બેન્કોએ કુલ રૂપિયા ૯૦૯૫૮ કરોડ માંડી વાળ્યા હતા. માંડવાળ કરેલી લોન્સમાંથી વસૂલીનો આંક ઘણો જ નબળો રહ્યો હોવાથી નાણાં મંત્રાલયે બેન્કોને રિકવરી ઝડપી બનાવવા સૂચના આપી છે.નાણાં મંત્રાલયની સૂચનાના ભાગરૂપ બેન્કો ઓટીએસને ઝડપી બનાવવા યોજના ધરાવે છે, એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. દરેક બેન્કોએ રિકવરી માટે ઓટીએસ સહિત વિવિધ યોજના તૈયાર કરી છે. ઓટીએસને કારણે રિકવરી વધુ થવાની બેન્કોને અપેક્ષા છે. લોન્સ માંડી વાળવામાં જાહેર ક્ષેત્રની બેન્કો કરતા ખાનગી બેન્કો વધુ આક્રમક જોવા મળી રહી છે. નાણાં મંત્રાલય ઉપરાંત રિઝર્વ બેન્ક દ્વારા પણ બેન્કોને નબળી લોન્સની રિકવરી ઝડપી બનાવવા સૂચના અપાઈ છે. કોઈ લોન્સ બેડ લોન્સ જાહેર કરાયા બાદ બેન્કો તેને ચાર વર્ષ સમાપ્ત થવા પર રાઈટ ઓફ્ફ કરીને તેની વસૂલી ચાલુ રાખી શકે છે. રાઈટ ઓફ્ફને કારણે બેન્કોના ચોપડા પરથી તેનું ભારણ ઓછું જણાય છે.

# રાજુ રદી ડાળે વળગતો નથી તેમાં પણ વિદેશી હાથ છે???

" ગિરધરભાઈ. સાવ આવું કાંઈ હોય??" રાજુએ જેમ રસ્તા પર ચાલતી કાર નવજાત ભૂવામાં પલક ઝપકતાં ગરકાવ થાય તેમ આશ્ચર્યમાં ગરકાવ થઈ જઈને પૂછયું.

" રાજુ.નેપોલિયનને યાદ કર. નેપોલિયને શું કહ્યું છે" મેં રાજુને સવાલ કર્યો.

" ગિરધરભાઈ. નેપોલિયન કહ્યું છે કે નથીંગ ઈઝ ઈમ્પોસિબલ ઈન ધી વર્લ્ડ !!"

રાજુએ રેપિડેકસ ઈંગ્લિશની બુકમાંથી આટલું જ કંઠસ્થ કરેલું. જે ખચકાયા-અચકાયા વિના સડસડાટ બોલી ગયો. ઈંગ્લિશ કડકડાટ સડસડાટ આમ બોલાય, બોસ!!રાજુએ એક સમાચારનું કટિંગ બતાવ્યું.

"રાજુ. આમાં કંઈ નવી વાત છે. આ તો આગુસે ચલી આતી હૈ!" મેં બાવા હિન્દીમાં પ્રતિભાવ આપ્યો. ગિરધરભાઈ. છોલ છોલ ના કરો. સાવ આવું થોડું હોય?" રાજુના માન્યામાં આવતું ન હોય તેમ નકારમાં માથું ઘુમાવ્યું.

"જો રાજુ આ દેશ પર પહેલીથી વિદેશી તાકાત હાવી રહી છે. આપણે આર્યો પણ વિદેશી તાકાત હતા. ઓરિજિનલી દ્રવિડ કે અનાર્ય મૂળ નિવાસી હતા. આર્યો પછી શક, હૂણ,ડચ,વલંદા, ફિરંગી, પોર્ટુગીઝો, અંગ્રેજો, પારસી,અફઘાની,લોદી, ગઝનવી, મોગલોએ આક્રમણ કર્યું. આપણે પરાસ્ત થયા. પછી બધાને દૂધમાં સાકર કે ખાંડની જેમ અથવા પાણીમાં નમક કે મીઠું ભળે તેમ ભળી ગયા!! " મેં રાજુને વિદેશી તાકાત વિશે માહિતગાર કર્યો.

"ગિરધરભાઈ.રાજા દશરથ ગાંધાર નરેશની રાજકુમારી કૈકેયીને પરણ્યા હતા.તેની સાથે દાયજામાં મંથરા આવી હતી. જે રામ ભગવાનને રાજ્યાભિષેકથી વંચિત રાખ્યા અને ચૌદ વરસના વનવાસ માટે કારણભૂત બની!!રાજા ધૃતરાષ્ટ્ર પણ ગાંધારીને પરણ્યા હતા, જે વિદેશી તાકાત હતી. જેના સાથે આવેલા શકુનિના કપટથી પાંડવો ધુતમાં રાજપાટ, ધનદૌલત, ઘરેણાગાઠા અને દ્રોપદ્રીને હાર્યા હતા, જે મહાભારતના યુધ્ધનું કારણ બનેલા.શીખ સંપ્રદાયના સ્થાપક ગુરૂ નાનકડી પણ વિદેશી તાકાત હતા જેણે કચ્છો, કિરપાણ, કડું, કંગી,કેશની ભેટ આપી. જગતને અહિંસા અને કરૂણાનો સંદેશ આપનાર ભગવાન બુધ્ધ પણ વિદેશી તાકાત હતા.માર્ગર્શક મંડળમાં સમાવિષ્ટ અને કાયમી પીએમ ઈન વેઈટિંગ એલ.કે.અડવાણી પણ વિદેશી તાકાત હતા!!" રાજુએ ઐતિહાસિક વિગતોનો દાબડો ખીલ્યો!!

" રાજુ. કોઈ પણ ઘટનાની જવાબદારી ખંખેરી નાંખવા માટે આ ઘટના પાછળ વિદેશી હાથ છે એમ કહી સવા મણ રૂની ( નવી પેઢીને મણના માપમાં ખબર પડશે નહીં. એમના માટે સવામણ= ૨૫ કિલો ગ્રામ!)તળાઈમાં સૂઈ જવાનું .કોઈ દેશી દારું પીને ગટરમાં ગબડી પડે તેમાં પણ વિદેશી હાથ હોય. ચોમાસામાં રોડ પર ભૂવા પડે તો પણ વિદેશી હાથ હોય.,છોકરો-છોકરી લો ગાર્ડોમાં ઈલુ ઈલુ કરે તેમને પણ વિદેશી હાથ હોય!!!કોઈને પેટમાં દુખે, ટ્રેઈન મોડી પડે, સાઈકલમાં પંકચર પડે, કોઈ અભિનેતાની રીલીઝ થયેલી ફિલ્મ પીટાઈ જાય,કોઈ ગામમાં પ્રાયમસની ઝાળ લાગવાથી પરિણીતાનું અવસાન થાય, પગથિયા ઉતરતા એક પગથિયું ચૂકી જાવ અને ગબડી પડો, કોઈને હાર્ટએટેક આવે તો આવી તમામ ઘટના પાછળ માત્ર અને માત્ર વિદેશી હાથ હોય, આજકાલ સ્વદેશી હાથ કયાં કોઈ કામના છે??"મેં રાજુને લાંબુલચ ભાષણ આપ્યું.

"ગિરધરભાઈ. મહિના પહેલાં પાકિસ્તાનના રણની ગરમીના કારણે ભારતમાં વરસાદમાંવિલંબ થયેલો. આમ, તો આજુબાજુના દેશો આર્થિક પાયમાલીના કગાર પર છે. તેમને એક સાંધો અને તેર તૂટે છે. એ એમની સમસ્યામાંથી નવરા પડે તો તેમના હાથ કે પગ આપણને અસ્થિર કરવા વાપરી શકે ને???"રાજુએ પડોશી દેશોની બેહાલી જણાવી.

" રાજુ દક્ષિણના સંશોધકે મોટી શોધ કરી નાંખી. તેમના મતે ઉત્તરાખંડ, કાશ્મીર અને તેલંગાણામાં વાદળો ફાટવા પાછળ વિદેશી હાથ કે તાકાત છે.રાજુ એમની વાતમાં તથ્ય છે. કેમ કે તેલંગાણા તો પાકસ્તાન સરહદે વાઘા બોર્ડર પાસે છે!! વાદળોમાં સુતળી બોમ્બ ફોડે એટલે વાદળો ફાટે જ!!!" મેં નવી શોધ રાજુને જણાવી .આજકાલ મારી ટયુબલાઈટ ડીમ ચાલે છે. ચોક કે સ્ટાર્ટરની તકલીફ લાગે છે. રાજુ રદી અને તેનો પરિવાર રાજુને ડાળે વળગાડવા મથે છે.પરંતું, ક્યાંય મેળ પડતો નથી. મને આમાં પણ વિદેશી હાથ જ લાગે છે!!તમને શું લાગે છે???

# વરસાદની મજા

વરસાદ એ કુદરતે માનવજાત તેમજ પશુ પક્ષીઓને બક્ષેલી અણમોલ ભેટ છે. વરસાદની મૌસમ પશુ પક્ષીઓ ઉપરાંત આબાલ વૃદ્ધ સૌ લોકોને પ્રિય હોય છે. ઉનાળાની બળબળતી બપોર તેમજ આગ ઝરતી ગરમીમાં શેકાઈ ગયેલા વૃક્ષો, છોડવાઓ, મનુષ્યો તથા પ્રાણીઓ અને પંખીઓને ઠંડક પહોંચાડવા માટે જ કુદરતે વરસાદનું સર્જન કર્યું હશે એવું લાગે છે. વરસાદના ઘણાં બધાં પર્યાયવાચી શબ્દો પણ છે જેવાકે મેઘ,મેવલો, મેહુલિયો, પર્જન્ય, બરખાં, બારિશ, સાવન વિગેરે વિગેરે. વર્ષા ઋતુ સૌની પ્રિય ઋતુ છે. વરસાદની મૌસમ વગર આ ધરા ઉપર જીવી શકાય નહીં. દરેક વસ્તુ વગર કદાચ આપણે ચલાવી શકીએ, પરંતુ જલ વિના બિલકુલ ચાલી શકે ના. આથી જ ફિલ્મ ગીત ગાતા ચલ માં ગીતકાર તથા સંગીતકાર રવિન્દ્ર જૈન લખે છે કે " ચાંદી સા ચમકતા યે નદીયાં કા પાની, પાની કી હર ઍક બૂંદ દેતી જિંદગાની, અંબર કે બરસે જમીન સે મિલે, નીર કે બીના તો ભૈયા કામ ના ચાલે, ઓ મેઘા રે, જલ જો ના હોતા તો યે જગ જાતા જલ". વરસાદની સૌ પ્રથમ રાહ અને ચાહ ચાતક નામના પક્ષીને હોય છે, કારણકે એવું કહેવાય છે કે ચાતક પક્ષી આખું વર્ષ પાણી પીતું જ નથી અને માત્ર વરસાદનું સીધું જળ પોતાની ચાંચમાં ગ્રહણ કરે છે.આ ઉપરાંત બપૈયા, પપીહરા, તથા મોરની પણ પસંદગીની મૌસમ છે. વર્ષા ઋતુમાં મોરલો ટેહૂક ટેહૂકના ટહૂકાર કરીને વાતાવરણને ગજવી મૂકે છે અને મન મૂકીને નાચે છે અને કળા કરે છે. કળા કરીને નાચતો મોર જોવો એ પણ એક લ્હાવો છે. વિરહી યુગલ પણ વરસાદની મૌસમમાં પલળીને દિલની આગ ઠંડી કરે છે. એટલે તો એક ગુજરાતી ફિલ્મી ગીતમાં ગીતકારે લખ્યું છે કે " રાત છે બરસાતની, મૌસમ મસ્ત છે, સિઝન પ્રેમાલાપની જબરદસ્ત છે".

તો બીજા એક હિન્દી ગીતમાં ગીતકાર લખે છે કે " બરખા રાની જરા જમ કે બરસો, મેરા દિલબર જા ન પાયે, ઝૂમ કર બરસો". વરસાદ પડતાં પહેલાં ઠંડો પવન ફૂંકાતાં માટીની મહેંક આહલાદક લાગે છે. મેઘદૂત કાવ્યમાં કવિ કાલિદાસે મેઘરાજાનું બહું મન મૂકીને વર્ણન કર્યું છે. વરસાદનો તો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે. વર્ષા ઋતુ ખેડૂત કે કૃષિકારની પણ માનીતી ઋતુ છે, કારણકે ખેડૂતને ખેતી કરવા માટે વધારે પ્રમાણમાં પાણીની જરૂર પડે છે અને એ જરૂરીયાત એને વરસાદ પૂરી પાડે છે. વરસાદનો લોકો મહેમાનની માફક આદર સત્કાર કરે છે. વરસાદની સિઝનમાં ગરમાગરમ ભજિયાં અને ચટણી ખાવાની મઝા તો કાંઈ ઔર જ છે. વરસાદમાં નાના ટાબરીયાઓ નહાવાનો આનંદ લૂંટે છે. ભેંસ, મગર, દેડકો, હાથી વિગેરે પ્રાણીઓને વરસાદ ઋતુ અતિ પ્રિય છે. પરંતુ વરસાદની બીજી બાજુ વિચારીએ તો એક કહેવત યાદ આવી જાય છે " વરસાદ અને પરસાદ પ્રમાણસરના જ સારા લાગે છે". વરસાદ પણ જરૂર કરતાં વધારે પ્રમાણમાં પડે તો અતિવૃષ્ટિ થાય છે અને નદી,તળાવો, સરોવરો વિગેરે છલકાઈને વિનાશ વેરે છે, ઠેર ઠેર ગંદકી અને કાદવ કીચડ થઈ જાય છે, મચ્છર, માંખી, ડાંસ, મંકોડા, કનેડાં તથા ધનેડાં જેવા જીવડાઓના ઉપદ્રવથી બિમારી અને માંદગીનુ પ્રમાણ વધી જાય છે.

ગમે તે હોય પરંતુ વર્ષાને વર્ષારાણી તથા મેઘાને મેઘરાજા તરીકે ઓળખવામાં આવે છે.

યોગેશભાઈ આર જોશી

# પ્રેમ, એક ઈલાજ -




વિશ્વમાં સમગ્રતયા એવું જોવામાં આવે છે કે સજીવ સૃષ્ટિ કે નિર્જીવ સૃષ્ટિના સર્જનહાર દ્વારા નિરૂપણ પામેલ વસ્તુ કે વ્યક્તિને પ્રેમની ભાષા એકબીજાંને વધારે નજીક ખેંચવામાં મદદરૂપ થતી હોય છે. ઉદાહરણ કે દ્રષ્ટાંતરૂપે એવું કહી શકાય કે ઈશ્વરને એનો ભક્ત વધારે પ્રિય છે કારણકે ભક્તની ભક્તિમાં ભક્તિભાવ સાથે પ્રેમની સરવાણી વહેતી રહે છે જે ઈશ્વરને ગમે છે. આકાશમાં વાદળોની કતાર લાગે ત્યારે એવું ભાસે છે કે એકબીજાનો આધાર કે પર્યાયવાચક બીજું વાદળ છે જે ભિન્ન ભિન્ન વાદળોની ફોજ તૈયાર કરવામાં મદદરૂપ થઈ રહ્યું છે , પરિણામ સ્વરૂપે સમગ્ર સૃષ્ટિ ઉપર વરસાદનાં અમીછાંટણા ધરતીને નવપલ્લવિત કરી આનંદમય વાતાવરણ ઊભું કરવામાં મદદરૂપ થઈ જાય છે તો સાથોસાથ એક સંદેશ પણ મૂકી જાય છે કે પ્રેમથી સાથે રહેશો તો સૃષ્ટિ ઉપરના દરેક જીવમાત્રને તમે ગમશો , તમને હૈયાનાં હેતથી આવકાર મળશે આવાં તો ઘણાં દ્રષ્ટાંત? આપણને મળી શકે જો દીર્ઘ દ્રષ્ટિએ જોઈએ તો .પરંતુ પ્રેમની પરિભાષા નિર્માણ કરવા માટે ઉભય પક્ષે એકબીજાંમાં ઓગળવું પડે , એકબીજાંને ઓતપ્રોત થવું પડે , એકબીજાં માટે ત્યાગની ભાવના રાખી સંપૂર્ણ રીતે સમર્પિત થવું પડે છે. 'જે તારું છે એ મારું છે એમ નહી પણ મારું કે તારું જે કંઈ છે એ બધું જ તારું છે, સંબંધિત વ્યક્તિને જે મળ્યું છે એ મને જ મળ્યું છે અને મને જે મળ્યું છે એમાં એનો પૂરેપૂરો હક્ક છે એમાં હું ક્યારેય બાધારૂપ નહીં થાઉં બલ્કે એનાં દરેક વાણી વર્તન સાથે હું ઓગળી જઈશ ,અમે બન્ને એકાકાર થઈ જઈશું એવી ઉદાત્ત ભાવના સાથે જીવન પસાર થાય તો કોઈ વ્યક્તિએ પ્રેમની પિપાસાની પરબ શોધવી ના પડે.

મહાભારત કાળમાં કે પુરાણકાળમાં કે નજીકના ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે દ્વંદ્વયુદ્ધનાં બ્યૂગલો વાગ્યાં છે ત્યારે દરેક સમયે અઢી અક્ષરનો પ્રેમ શબ્દ જ હંમેશા સર્વોપરી રહ્યો છે; જેણે વિધ્વંસ થતી સૃષ્ટિનેં બચાવવા મહત્તમ ભાગ ભજવ્યો છે જેનાંથી આપણે દરેક વિદિત છીએ. હું પણું ( ઈગૉ - ઈર્ષ્યા) છોડીને જયારે જયારે સમાધાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે ત્યારે પણ એકબીજાંની લાગણી, હૂંફ સાથે પ્રેમ શબ્દ ચેડાં નથી કરતો બલ્કિ જરૂરતથી વધારે નજીક ખેંચવામાં સફળ થાય છે. હા, વત્તેઓછે અંશે કે આંશિક રૂપે કદાચ એકાદ પક્ષે વધારે ઘસાવાનું કે ઘસારો લેવો પડે એવું બને પરંતુ સાચી સમજણ તો એ જ છે કે પ્રેમથી હાંસલ કરેલ હર ચીજ કે વ્યક્તિ જ હંમેશા સંપૂર્ણ સંતોષકારક નીવડી શકે.

અવતારી પુરુષો એવા ભગવાન શ્રી રામ કે કૃષ્ણનેં પણ એની આભાસી લીલા રચવામાં પ્રેમનો ઉપયોગ કરવો પડયો હતો તો આપણે તો પામર મનુષ્ય છીએ , ભૂતકાળમાં શું થયું એની કાલ્પનિકતાનાં આધારે , વર્તમાનમાં શું કરવું , ના કરવું એની અસમંજસમાં ને ભવિષ્યમાં શું થશે કે નહીં થાય એની અવઢવમાં જીવનાર દરેક જીવને પ્રેમ સંપાદિત કરવાની અભિલાષા રહેવાની જ કિંતુ એને પામવા માટે સમર્પણ ભાવના કેળવાય તોજજીવનમાંદરેકસંબંધોમાં તિરાડ ઓછી પડે અને મનોવાંછિત પ્રેમ એકબીજાંને મળી રહે.

આલેખન : ધર્મેન્દ્ર એમ.ઓઝા. (મુંબઈ)



અમારા સ્નેહી પારિવારિક હરેશકુમાર વ્યાસ(પેથાપુર વાળા) ના પત્ની નિશાબેન હરેશકુમાર વ્યાસ નું ગઈકાલે અવસાન થયું હતું..સેક્ટર - ૩ તેમના નિવાસ સ્થાનેથી તેમની સ્મશાનયાત્રા સેક્ટર - ૩૦ અંતિમ ધામ જતા સૌ સ્નેહીજનો,પરિવાર જોડાયો હતો.પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવાર ની પ્રાર્થના.

### મહારાષ્ટ્ર સરકારે બોગસ બીયારણ વેચતા બીજ બુટલેગરો સામે

# ગુજરાત સરકાર ક્યારે ખેડુતોને બીજ બુટલેગરોથી ક્યારે રક્ષણ આપશે ?

ગુજરાતમા જે પણ બીજ બુટલેગરો ઉપર આવા ગંભીર ગુના લાગ્યા છે એ વેપારીઓ પૈકી કેટલાક ગુજરાત રાજય સીડ એશો.ના નેતાઓ છે જેઓ કરોડોનો અનઅધિકૃત બીજનો વેપાર કરીને નજીવા દંડની જોગવાઈનો લાભ ઉઠાવીને છુટા ફરે છેપગુજરાતની ભાજપા સરકારને અનેક વાર પત્ર દ્વારા અને મીડીયાના માધ્યમથી કોંગ્રેસે ખેડુતોના હિતમા માંગ કરી છે કે બીજ ઉત્પાદન કરતા તમામ વેપારી બીજ બુટલેગર નથી પરંતુ જે અનઅધિકૃત બીયારણનો ખુલ્લે આમ વેપાર કરતા વેપારીઓ વિરુધ્ધ કડક કાયદો બને, તેમા દંડ સાથે ઓછામા ઓછી ૧૦ વર્ષની સજાની જેગવાય કરવામા આવેપ.

ગુજરાતમા ૨૦-૨૦ વર્ષથી અનેક વેપારીઓ અનઅધિકૃત રીતે બીટી કપાસ બીયારણનો વેપાર કરીને ખેડુતોને આર્થિક રીતે બરબાદ કરી રહ્યા છે,અને ખેડુતોની આત્મહત્યામા પણ આ એક મજબુત કારણ છે, આમ આ ધંધામા કરોડો રુપિયાની કમાણી કરીને વર્તમાન દંડની જોગવાય મુજબ તે મામુલી રકમ ભરીને આમ વર્ષોથી આવા વેપારીને સરકાર અને તેનુ બીજ એશો. સાવરી રહી છે, જે મારા ગુજરાતના ખેડુતોનુ દુર્ભાગ્ય છે કે રાજય સરકાર ખેડુતોને બચાવવા માટે કડક કાયદા બનવવા માગતી નથી.ગુજરાતમા ૨૦-૨૦ વર્ષથી બીટી કપાસ બીજનુ અનઅધિકૃત રીતે ઉત્પાદન કરી બીયારણ વેચતી ગુજરાતની ૩૦૦ કરતા વધુ કંપનીઓ ઉપર ભાજપા સરકારની મીઠી નજર બંધ ક્યારે થશે ? તેની સામે બીન જામીન પાત્ર ગુનાની કાયદામા જોગવાય કયારે થશે ?બીજ બુટલગરો અનઅધિકૃત બીજનો કરોડો રુપિયાનો વેપાર કરીને કડક કાયદાની જોગવાયને અભાવે મામુલી દંડ ભરીને બીજ બીજ બુટલેગરો છટકી જાય છે, અને કરોડોની નુકશાની ખેડુતો ભોગવી રહ્યા છે એ રાજય સરકાર જાણે છે છતા ખેડુતોને નબળા અને હલકા બીજ ખેડુતોને પકડાવતા બીજ બુટલેગરોથી રક્ષણ કેમ આપી રહી નથી ?મહારાષ્ટ્ર સરકારે આ દિશામા પહેલીવાર અનઅધિકૃત બીજનો વેપારી કરતી કંપનીઓથી (બીજ બુટલેગર) રક્ષણ આપવા કડક કાયદામા માત્ર દંડ નહી પરંતુ સજાની જોગવાય કરી રહી છે તે માટે મહારાષ્ટ્ર સરકારનુ આ પગલુ આવકાર્ય છે તે માટે અભિનંદન પમહારાષ્ટ્ર સરકાર બોગસ બીટી કપાસના નકલી બિયારણો અને ખાતરોના કિસ્સામાં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ લાગુ કરવાની યોજના બનાવી છે જે ગુનાને બિનજામીનપાત્ર રહેશે.જે ગુજરાત સરકાર પણ કરી શકે છે.

# કર્યું છે

દુખની કેક પર સુખનું ટોપિંગ કર્યું છે,
સત્ય પર અફવાનું ગોસિપિંગ કર્યું છે.

વાનગી તીખી,ચટપટી,ક્રિસ્પી જોઈએ,
નિંદાપસ કૂથલીનું ગાર્નિશિંગ કર્યું છે.

જીવન ને મરણ વચ્ચે યુગોથી અથડાઉં,
સરકારી ફાઈલો જેવું ટોસિંગ કર્યું છે.

અમે સદૈવ શાસિત શોષિત રૈયત છીએ,
સખીએ બ્રિટનની રાણી જેવું બોસિંગ કર્યું છે.

તકલીફોને પીડાઓ સાથે કાયમી નાતો છે,
કોઈને લાગે કે તેનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું છે.

ભરત વૈષ્ણવ

# સર્જનહારે અસંખ્ય ના ગણી શકાય તેવી અગણિત દુનિયાનું સર્જન કર્યું છે

સર્જનહારે અસંખ્ય ના ગણી શકાય તેવી અગણિત દુનિયાનું સર્જન કર્યું છે, દુનિયાની ઉત્પત્તિ થી માંડી આજદિન સુધીના લેખકો કવિઓ કે ફિલોસુફર અગર પુરા સાગરની શાહી બનાવીને કલમ તૈયાર કરે કે પછી આખા જગતને કાગળ બનાવી ને તેના ઉપર પોતપોતાના વિચારો લખે તોપણ કુદરતનું સર્જન કે તેના વખાણ ચીતરી શકે નહીં કેમકે જેણે માણસ બનાવ્યો છે તે પણ એક અદભુત કલાકાર છે અને તેને આપણે ઈશ્વર અલ્લાહ કે ગોડ કહીએ છીએ અને તેજ સમગ્ર વિશ્વનું સંચાલન કરે છે, તેને દુનિયા નરી આંખે જોઈ સકતી નથી પણ તે પોતાના ચમત્કારીક બનાવો વડે પોતાની હાજરીનો અહેસાસ કરાવે છે, તેણે બનાવેલ સુંદર વિશ્વમાં જયારે જયારે કોઈ બદીઓ કે ખરાબીઓ ઉભી થાય છે ત્યારે તે પોતે કોઈના કોઈ રૂપ દ્વારા કાં પછી કોઈ સંદેશા વાહક દૂત દ્વારા કે પછી કોઈ ક્રાંતિકારી દ્વારા દુનિયામાં ફેલાયેલ ખરાબીઓને દૂર કરે છે.

વિશ્વમાં એવા કેટલાય સજ્જન ક્રાંતિકારી અવતારી પુરુષો અને એના સામે એવા કેટલાય ગંદગી ફેલાવનાર કુદરતના નિયમોનો અનાદર કરનાર નિર્દોષને મોતને ઘાટ ઉતારનાર પૈદા થયાં છે અને કુદરતે હંમેશા ખોટા ઉપર સત્ય ને સાથ આપ્યો છે અને સત્યનેજ મદદ કરી છે.

વાત જયારે સત્ય અને અસત્ય ની થાય છે ત્યારે હજારો ક્રાંતિ લાવનાર મહાપૂરુષો અને હજારો દુર્જનોના દાખલાઓ નજરે પડે છે.

આવોજ એક દાખલો આપણને અરબની ધરતી ઉપર પણ બનેલ જોવા મળે છે.

આજથી ચૌદસો વર્ષ પહેલા એક જાલીમ બાદશાહ સત્તા ઉપર આવ્યો અને તેણે કુદરતના નિયમોની વિરુદ્ધ કૃત્યો આચર્યા , તે પોતાને એક સાચો મુસલમાન ગણતો હતો પણ તેના તમામ કાર્યો કુદરતના વિરુદ્ધ હતાં, તે જાનવર સાથે પોતાની ભૂખ સંતોષતો, બહેન બેટી સાથે છડેચોક વ્યભિચાર કરતો, જો કોઈ તેનો વિરોધ કરતુ તો તે તેની હત્યા કરાવી દેતો, અડધી દુનિયામાં તેનો ફફડાટ હતો, તેને તેના લશ્કર ઉપર અને રાજપાટ ઉપર ઘમંડ હતું , તેનું નામ યઝીદ હતું.

તેજ જમાનામાં ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મોહંમદ સાહેબની દીકરીના દીકરા ( દોહિત્ર ) પણ જીવતા હતાં, યઝીદે તેમને સંદેશ મોકલ્યો કે મારા કાર્યો ઉપર તમે મહોર મારી દો જેથી આખી દુનિયામાં મારો બનાવેલો નિયમ ચાલે, મોહંમદ સાહેબના દીકરીના દીકરા

પોતાના નાના ની જેમ અહિંસા વાદી હતાં સત્ય ની પડખે રહી બેહતરીન ન્યાય કરવા વાળા હતાં, તેમણે યઝીદ જેવા નાપાક ને લખ્યું કે હું તારા જેવાના હાથ ઉપર મારો હાથ ક્યારેય ના આપી શકું અને હું તો શું પણ મારા જેવી વ્યક્તિ તારા જેવાના સાથે ક્યારેય હાથ ના મિલાવી શકે અને હાં હું હવે સત્ય ને સ્થાપિત કરીને રહીશ ભલે પછી મારે મારાં જીવનું પણ બલિદાન દેવું પડે હું તારો વિરોધ કરુંછું તું જુઠ્ઠો છે, હું સત્ય ધર્મ નો પ્રચાર કરીશ તારા વિરુદ્ધ બળવો કરીશ.

યઝીદ સામે બળવો પોકારનાર નું નામ હતું હજરત હુસૈન.

એક સાચો ક્રાંતિકારી દુનિયાના ફિતના સામે ક્યારેય ઘરમાં બેસી નથી રહેતો, હુસૈન પણ ઈન્કલાબી હતાં તેમને ખબર હતી કે હું યઝીદ ને સાથ નહીં આપું તો તે મારો જીવ લઈ લેશે, અને હું દુનિયામાં એવુ બલિદાન આપીશ કે અત્યાર સુધી દુનિયામાં સત્ય માટે કોઈએ પણ આટલુ મોટુ બલિદાન નહીં આપ્યું હોય.

હુસૈન માનવતા નો સંદેશ લઈ પરીવાર સાથે પોતાનું વતન છોડીને સત્ય ધર્મ ના પ્રચારે નીકળી ગયા, યઝીદ ને પણ ખબર હતી કે જો હુસૈન મારાં ખીલાફ બળવો કરશે તો મારાં જુઠ્ઠાણા નો પર્દાફાશ થશે. એટલે યઝીદે પૈતરા રચ્યા અને એલાન જાહેર કર્યું કે હુસૈન જ્યાં પણ મળે તેમને કતલ કરી નાખવામાં આવે, આ માટે તેણે લાખોનું લશ્કર રવાના કર્યું.

ઈરાકની ધરતી ઉપર કરબલા નામના રણમાં હુસૈન પોતાના સાથીઓ સાથે તંબુ નાંખી રોકાયા હતાં ત્યાંજ યઝીદ ના લશ્કરે હુસૈન ને લડાઈ માટે લલકર્યા ત્યારે હુસૈને ફરમાવ્યું કે હું લડાઈ કરવાનાં કે સત્તા પામવાના ઈરાદે નથી આવ્યો પરંતુ હું ભલાઈનો માર્ગ બતાવવા તેમજ બુરાઈ થી લોકોને રોકવા નીકળ્યો છું.

આ વાતની યઝીદના સીફે સાલારો ઉપર કોઈ અસર દેખાઈ નહીં, હુસૈન ઉપર પહેલા પાણી બંધ કરી દેવામાં આવ્યું, ત્યાર બાદ હુસૈન ના જવાન છોકરાઓ તેમજ ભાઈઓને શહીદ કરી દેવામાં આવ્યા અને અંતે એક છ મહિનાના અબોલ બાળક ને પણ તિર મારવામાં આવ્યું આટલી યાતનાઓ આપવા છતાં હુસૈને યઝીદ સાથે હાથ ના મિલાવ્યો તે નાજ મિલાવ્યો અને અંતે એક બેરહેમે એક બુંઠી છરી દ્વારા હુસૈનનું મસ્તક વાઢી નાખ્યું.

આ બનાવથી વિશ્વ ચોંકી ગયું અને યઝીદની ચારે બાજુ થું થું થવા લાગી અને હુસૈનના બલિદાનની ચર્ચા થવા લાગી, યઝીદ ના કારનામાઓ બહાર આવ્યા, યઝીદ જીવીને પણ મરી ગયો હુસૈન મરીને ઈતિહાસ ના પાના ઉપર અમર થઈ ગયા.

અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-

NOG (૧૫૫) ।૨૦૨૩ વિષય : પરિવાર



*NOG:SS:NO. : 0141*
★વિષય★ :- ★"પરિવાર"★
★શીર્ષક★ :- ★"મેળાપ"★
★શબ્દ★ :- ★૩૫૦★
★લેખકનું નામ★ :- ★રસિકભાઈ વી પરમાર "રવ"★

કાકા, મારા પિતા પ્રભુના શરણમાં ગયા તે તમો જાણો છો. તેમના પોથની વિધિમાં તમે હાજર રહ્યા હતા અને અમને આશ્વાસન આપ્યું હતું. તમારો આભાર. હું તમારો ભત્રીજો બોલું છું. હવે તમારે એમનો બારમાનો પ્રસંગ ભાઈઓએ ભેગા થઈ પાર ઉતારવાનો છે.

અજાણ્યો ફોન નંબર, અપરિચિત અવાજ એક ભત્રીજાનો ફોન હતો. દિવંગત ને ચાર પુત્રો તેમાંથી એક યુવાનવયે મૃત્યુ પામેલો. મને તાળો મળી ગયો. ભત્રીજાની ઓળખ લઈ મેં આગળની વાત શરૂ કરી.

બે દિવસ પહેલાં નાનાભાઈએ જણાવ્યું હતું કે આપણા પિતરાઈ મોટાભાઈ દેવ થયા છેતે તને જાણ કરી. એમની સાથે કોઈ વ્યવહાર નથી પણ કુટુંબી ભાઈ તો ખરા ને? અમો બંને ભાઈ અને વસ્તીના બાકીના ભાઈઓ ત્યાં છીએ. એમના વચેટ પુત્રને પહોંચતાં વાર લાગશે, જો તારે અંતિમક્રિયામાં હાજરી આપવી હોય તો આવી જજે.

એક બીજાના હાથમાંથી હક્કથી ઝૂંટવીને ખાઈ જનાર, નાની મોટી તકલીફો, લગ્ન વગેરેના વ્યવહારમાં ખભેખભા મેળવીને પ્રસંગો પાર પાડનાર અમો, સાવ નાની બાબતને લઈને છૂટા પડ્યાને ૩૬ વર્ષનાં વહાણાં વાઈ ગયા હતા.

અમારો પ્રેમ, પરિવારની ભાવના જગજાહેર હતી. અમો આઠ ઘરનો પરિવાર. તમામના વાણી વ્યવહારના દાખલા અન્ય જગ્યાએ આપવામાં આવતા હતા. અમો ખૂબ સુલેહ, સંપથી જીવતા હતા.

અમો દેખીતા કોઈ, કલહ, કંકાસ, મોટા લડાઈ ઝઘડા વિના મનોમન અલગ થયેલા. ગાળાગાળી, મારામારી તો દૂરની વાત થઈ. સાવ નાના કોઈ વ્યવહારમાં ચૂક આવવાથી એકબીજા બોલતા બોલાવતા બંધ થયેલા. તે સમય આવ્યે સમજી ભેગા થઈ ગયા પણ આ અમારા મોટાભાઈ, મોટા હોવાને નાતે કે પછી કોઈ અપેક્ષાઓના લીધે ભળ્યા નહિ.

કુટુંબ પરિવાર શું છે તે તો જે એનાથી વંચિત હોય એને ખબર. ખૂબ મોટું સંસ્કાર અને સમજણનું નુકશાન આવે છે.

દિવંગતના સંતાનોને આશા નહોતી અને અમોને પણ વિશ્વાસ ઓછો કે હવે સૌ ભેગા થઈએ એ સમય ગયો. એમના સંતાનોએ ઓળખીતા પાળખીતા સ્વજનોને અમારો સંપ થાય અને સૌ ભેગા મળી પ્રસંગ પાર પાડે તે માટે આજીજી કરી.

સંપ માટે વાતમાં ઉતરનારાઓને પણ આશ્ચર્ય લાગ્યું કે અમો સૌ એક પણ શબ્દનો વિરોધ કર્યા વિના માની ગયા અને સુખરૂપેથી પ્રસંગ ઉજવ્યો.

લોકાચાર આવનાર સ્વજનોએ અમારા સંપની અને ભેગા મળી કોઈપણ મનદુ:ખ વિના પ્રસંગ પાર પાડવાના કાર્યની નોંધ લઈ બેમોઢ વખાણ કર્યા.

પરિવાર સાથે હોય તો અઘરામાં અઘરું કામ આસાન બની જાય છે. મારો તો જાત અનુભવ છે.

★★★★★★★★★★સ્ત્ર★★★★★★★★★★★★★★★★★

ર્ફ્ય.જીજી.ર્ફ.૦૦૯૮
વિષય:- પરિવાર
શીર્ષક:- સંબંધોનું નાશ
નામ. :- લીના શર્મા...

પરિવાર કોને કહેવાય? જ્યાં માતા -પિતા ,ભાઈ -બહેન ,દાદા -દાદી, કાકા -કાકી ,કુળ વધુ ભેગા રહેતા હોય તેને પરિવાર કહેવાય. ઘર નાનું હોય કે મોટું એનાથી કોઈ ખાસ ફરક પડતું નથી હા સુખદુ:ખમાં જે જીવન પસાર કરે એવા સંબંધો મહત્વના ગણાય છે.

વર્ષો પહેલા સંયુક્ત પરિવાર હતા બધા એકબીજાના સુખ દુ:ખ, માન સન્માન ને ધ્યાનમાં રાખીને જીવન પસાર કરતા હતા ધીમે ધીમે સંયુક્ત પરિવારો ઓછા થઈ રહ્યા છે કે લુપ્ત જ થઈ રહ્યા છે. કારણો જોવા જઈએ તો ઘણા બધા છે જેમાં લોકો કામ ધંધાના લીધે કે શિક્ષણ માટે પરિવારથી દૂર થઈ રહ્યા છે આજની નવી પેઢીમાં સહનશીલતાની કમી પણ એક કારણ છે .

આજની નવી પીઢી આધુનિકતાની દોડમાં, ઉચ્ચ શિક્ષણમાં ,ભૌતિક સુખ સુવિધાઓમાં ,કેરિયર માં બહુ જ ઝડપથી આગળ વધી રહી છે પણ પરિવારમાં સંબંધોમાં એમની પકડ ઢીલી પડી રહી છે.કે બહુ પાછળ છે.

મિત્રો સંયુક્ત કુટુંબ ઓછા થઈ રહ્યા છે એના કારણો ઘણા બધા છે. આજની નવી પેઢી પરિવારમાં "હમ દો હમારે દો", "છોટા પરિવાર સુખી પરિવાર" આપણા દેશની સરકારની નીતિનું પાલન કરી રહી છે ને સજગ છે.

દેશની જન સંખ્યા ને ઓછી કરવામાં ભાગરૂપી બની રહી છે. પણ એના પરિવારમાં આવા વાળા નવા મહેમાન ની જિંદગીના કાયમ માટે ના મહત્વપૂર્ણ સંબંધોનું ( મામા ,માસી ,ફોઈ,...જેવા સંબંધો)નાશ કરી રહી છે. આપણા દેશની લાંબી શૈક્ષણિક પદ્ધતિ ના લીધે મોટી ઉંમરમાં લગ્ન કરે છે . ને પરિવારમાં નવા મહેમાન આવા માં બહુ જ મોઢું થઈ રહી છે તો નવા મહેમાન ની જિંદગીના એમના દાદા- દાદી નાના -નાની નો પરિચય ફોટામાં જ થાય.તો મિત્રો આવા પરિવાર સમાજમાં એક ચિંતનનો વિષય છે.

??
લીના શર્મા...
હાલોલ.

# એમસીએક્સ પર સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૦૦ અને ચાંદીમાં રૂ.૨૯૪ની વૃદ્ધિ

મેન્થા તેલમાં નરમાઈ: કોટન-ખાંડી વાયદો રૂ.૧૨૦ તેજ: ક્રૂડ તેલ, નેચરલ ગેસ પણ સુધર્યા: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૫,૮૫૭ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૬૩૯.૦૬ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૧૪ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૧૭,૪૨૯ સોદાઓમાં કુલ રૂ.૧૭,૫૧૦.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૫,૮૫૭.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૧૬૩૯.૦૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૪૭,૨૩૩ સોદાઓમાં રૂ.૩,૮૯૧.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૨૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૫૫૨ અને નીચામાં રૂ.૫૯,૨૧૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૦૦ વધી રૂ.૫૯,૪૩૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૪૭ વધી રૂ.૪૮,૦૧૪ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૫,૯૧૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૦ વધી રૂ.૫૯,૩૩૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૫,૭૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૦૪૪ અને નીચામાં રૂ.૭૫,૬૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૪ વધી રૂ.૭૫,૮૬૧ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૨૮૬ વધી રૂ.૭૫,૬૪૩ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩૦૨ વધી રૂ.૭૫,૬૫૮ બોલાઈ રહ્યો હતો.

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૦૮૫ સોદાઓમાં રૂ.,૯૫૩.૫૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૬.૪૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૭૨૩.૨૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૯૭.૮૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૭૦ ઘટી રૂ.૨૧૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૭૦ ઘટી રૂ.૧૯૮ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ વધી રૂ.૧૮૨.૬૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૧૩.૪૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૬૩૯ સોદાઓમાં રૂ.,૯૯૮.૩૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૧૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૧૩૨ અને નીચામાં રૂ.૬,૦૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૬ વધી રૂ.૬,૧૧૪ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૨૬ વધી રૂ.૬,૧૧૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૦૮ના ભાવે ખૂલી, રૂ.૪.૬૦ વધી રૂ.૨૧૨.૫૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૪.૬ વધી ૨૧૨.૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૩.૪૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૨૦૦ અને નીચામાં રૂ.૫૬,૭૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨૦ વધી રૂ.૫૭,૦૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ ઘટી રૂ.૮૮૯.૬૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૦૮૬.૬૭ કરોડનાં ૩,૫૧૩.૮૨૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૦૪.૯૪ કરોડનાં ૨૩૭.૯૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૩૮૫.૩૭ કરોડનાં ૬,૩૦,૭૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૧૩.૦૨ કરોડનાં ૨,૯૦,૬૯,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૬૮.૨૯ કરોડનાં ૮,૪૪૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૧.૪૪ કરોડનાં ૧,૧૭૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૪૮૧.૧૩ કરોડનાં ૬,૬૩૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૮૨.૭૨ કરોડનાં ૧૩,૧૯૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧.૯૨ કરોડનાં ૩૩૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૧૧.૫૫ કરોડનાં ૧૨૮.૧૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૪૪.૩૯૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૩૫.૯૯૮ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૨૪૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૯,૯૮૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૭૩૯ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૬૮૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૮,૨૧,૦૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૨૭,૭૭,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૫૨૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૫૫.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૪.૪૭ કરોડનાં ૧૭૯ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૯૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૬,૧૪૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૧૫ અને નીચામાં ૧૬,૧૩૦ બોલાઈ, ૮૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૩ પોઈન્ટ વધી ૧૬,૧૮૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧૬૩૯.૦૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૨૪.૬૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૯૨.૦૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૨.૦૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૯૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૩૦.૪૯ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૮.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૫ અને નીચામાં રૂ.૧૯૭.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭.૨૦ વધી રૂ.૨૧૬.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૮.૬૦ અને નીચામાં રૂ.૬ રહી, અંતે રૂ.૧.૮૫ વધી રૂ.૭.૯૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૩ અને નીચામાં રૂ.૧૧૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૩.૫૦ વધી રૂ.૧૪૭.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૧૦ અને નીચામાં રૂ.૩૯૦ રહી, અંતે રૂ.૧૬૩.૫૦ વધી રૂ.૫૪૬.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૭૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૪૧ વધી રૂ.૨,૦૩૮.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૯૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૬ વધી રૂ.૧,૮૨૨.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૮ વધી રૂ.૧.૧૬ જસત જુલાઈ રૂ.૨૧૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૦ ઘટી રૂ.૨ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૧.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૯.૧૦ અને નીચામાં રૂ.૧૯૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૭૦ ઘટી રૂ.૧૯૭ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૭.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૭.૮૫ અને નીચામાં રૂ.૫ રહી, અંતે રૂ.૨.૬૦ ઘટી રૂ.૫.૪૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૩.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૬૩.૫૦ અને નીચામાં રૂ.૧૩૫.૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૨.૫૦ ઘટી રૂ.૧૮૪ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૬ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૧ અને નીચામાં રૂ.૧૯૬ રહી, અંતે રૂ.૧૦૫ ઘટી રૂ.૨૪૭ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૦૫.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૨૫.૫૦ ઘટી રૂ.૧,૭૦૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૦૦.૦૦ના ભાવે ખૂલી, રૂ.૮૪.૫૦ ઘટી રૂ.૧,૬૮૯.૫૦ થયો હતો. તાંબુ ઓગસ્ટ રૂ.૭૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૨૭ વધી રૂ.૫.૨૭ થયો હતો.

# ? અધિક માસ ?

હિંદુ પંચાંગ મુજબ લગભગ ૩૨.૫ મહિના પછી આવતા વધારાના મહિનાને અધિક માસ અથવા પુરુષોત્તમ માસ કહે છે. તેનો ઉદ્દેશ ચંદ્ર અને સૌર પંચાંગને જોડવાનો છે.ચંદ્ર વર્ષ પરથી તિથિ, કરણ, વિવાહ, વાસ્તુ વગેરે કૃત્યો તથા વ્રત, ઉપવાસ, યાત્રાનો સમય વગેરે ઠરાવાય છે. માસ નિર્ણય પણ આ વર્ષ પરથી થાય છે. ચંદ્ર વર્ષ પ્રમાણે મહિનાઓ નક્કી થાય છે અને સૌર વર્ષ પ્રમાણે વર્ષ નક્કી થાય છે. ચંદ્ર વર્ષ સૂર્ય વર્ષ (સૌર વર્ષ કરતાં ૧૦ દિવસ ૨૧ કલાક અને ૨૦ મિનિટ ૩૫ સેકન્ડ) નાનું છે. આ તફાવત વધીને ૩૦ દિવસનો થવા આવે ત્યારે એક ચંદ્ર માસ વધારી બન્નેનો મેળ રાખવામાં આવે છે. ચંદ્ર માસમાં સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં જાય છે. ચંદ્ર માસ ૩૦ દિવસ કરતા નાનો હોવાથી કોઈક વખત આગલા ચંદ્ર માસની અમાસે સંક્રમણ થયું હોય અને બીજું સંક્રમણ બીજા માસની શુક્લ પ્રતિપદાએ થાય. અર્થાત, ચંદ્રમાસ દરમિયાન સૂર્ય રાશિ બદલે નહિ તો તે માસને અધિકમાસ કહે છે. અધિક માસ ચૈત્ર માસથી આસો માસમાં જ આવે છે. અપવાદ રૂપે જવલ્લે ફાગણ માસમાં પણ અધિક માસ આવે છે. જે માસમાં સંક્રાંતિ ન થાય અર્થાત સૂર્ય રાશિ ન બદલે તે માસને અધિક માસ કહેવામાં આવે છે. અધિક માસની પદ્ધતિ દાખલ કરવાનો આશય ઋતુમાન અર્થાત સાયન વર્ષ જોડે સંબંધ રાખવાનો છે. આમ ન હોત તો આપણા ઉત્સવો દરેક ઋતુમાં ફર્યા કરત. એક જ નામના બે માસમાંનો પહેલો મહિનો અધિક ગણાય છે.

★જાણો ક્યારે શરૂ થશે અધિકમાસ, શા માટે તેને કહે છે પુરુષોત્તમ મહિનો★

અધિકમાસ કે પછી પુરૂષોત્તમ માસમાં શાસ્ત્રો મુજબ શુભ કાર્ય વર્જિત થાય છે. પણ આ સંપૂર્ણ મહિનામાં દાન-પુણ્યની ખૂબ પરંપરા છે. વ્રત-ઉપવસ પણ કરવામાં આવે છે. અને આખો માસ દેવ-દર્શનમાં વિતાવવાની સલાહ આપવામાં આવે છે. અધિકમાસ જેને આપણે પુરૂષોત્તમ માસ પણ કહીએ છીએ એ ૧૮ જુલાઈ થી શરૂ થઈ રહ્યો છે. અધિકમાસના હિંદુ ધર્મમાં ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયમાં ખૂબ મહત્વ છે. પુરૂષોત્તમ માસ કે અધિકમાસ આમ તો ખગોળીય ઘટનાના આધાર પર મનાવવામાં આવે છે. ખગોલીય ગણના મુજબ દરેક ત્રીજા વર્ષે એક વર્ષમાં એક મહિનો વધુ હોય છે.

જે રીતે આપણે ગ્રેગોરિયન કેલેંડરમાં લીપ ઈયર ઉજવીએ છીએ એ જ રીતે હિંદુ કાળ ગણનાના મુજબ અધિક માસ મનાવવામાં આવે છે. આ સૌર અને ચંદ્ર માસને એક સમાન લાવવાની ગણિતીય પ્રક્રિયા છે. જે મહિનામાં સૂર્ય સંક્રાંતિ નથી હોતી એ અધિકમાસ હોય છે. આ જ રીતે જે મહિનામાં બે સૂર્ય સંક્રાંતિ હોય છે એ ક્ષય માસ કહેવાય છે. સૂર્યની જેમ સંક્રાતિ થાય છે અને એ જ આધાર પર આપણા ચંદ્રના આધાઅરિત ૧૨ મહિના હોય છે. દરેક ત્રણ વર્ષના અંતર પર એક અધિકમાસ કે મળમાસ આવે છે. મતલબ તેરમો મહિનો. સૌર વર્ષ ૩૬૫.૨૪૨૨ દિવસનો હોય છે જ્યારે કે ચંદ્ર વર્ષ ૩૫૪.૩૨૭ દિવસનો હોય છે. આ રીતે બંનેના કેલેંડર વર્ષમાં ૧૦.૮૭ દિવસનો ફરક આવી જાય છે અને ત્રણ વર્ષમાં આ અંતર એક મહિનાનુ થઈ જાય છે. આ અસમાનતાને દૂર કરવા માટે અધિક માસ અને ક્ષય માસનો નિયમ બનાવ્યો છે.

★શુ કહે છે શાસ્ત્ર ?★

અધિકમાસ કે મળમાસ કે પછી પુરૂષોત્તમ માસમાં શાસ્ત્રો મુજબ શુભ કાર્ય વર્જિત કહેવાય છે. પણ આ સંપૂર્ણ મહિનામં દાન-પુણ્યની ઉંડી પરંપરા છે. વ્રત ઉપવાસ પણ કરવામાં આવે છે અને આખા મહિનામાં દેવ-દર્શનમાં વિતાવવાની સલાહ પણ અપાય છે. આ વધારાનો મહિનો હોવાથી તેને અધિકમાસ કહેવાય છે. પણ તેણે મળ માસ પણ કહેવામાં આવે છે અને પુરૂષોત્તમ માસ પણ કહેવાય છે. એવુ કહેવાય છે કે વર્ષનો દરેક મહિનો કોઈને કોઈ દેવતા સાથે જોડાયેલો છે તેથી તેરમાં માસને મળ માસના નામથી ઓળખવામાં આવે છે. જેથી આ મહિનામાં બધા દેવોને પોતાનુ નામ આપવાની વિનંતી કરવામાં આવી પણ બધાએ ના પાડી દીધી. જેનાથી તે દુખી થઈને ભગવાન કૃષ્ણ પાસે ગયા અને તેમણે પોતાનુ નામ આપ્યુ. ત્યારથી તેને પુરૂષોત્તમ માસનુ નામ મળ્યુ. આ સાથે જ એ વરદાન પણ મળ્યુ કે આ મહિનામાં કરવામાં આવેલ દાન-પુણ્યનુ ફળ પણ વધુ મળશે. તેથી જ આ મહિનો દાન-પુણ્ય કમાવવાનો મહિનો છે.

હિંદુ કેલેન્ડરના ૧૨ મહિનામાં તમામ દિવસોની ગણતરી કર્યા પછી માત્ર ૩૫૪ દિવસ થાય છે, જ્યારે એક વર્ષમાં ૩૬૫ દિવસ હોય છે. આ સમયમાં પૃથ્વી સૂર્યની એક પરિક્રમા પૂર્ણ કરે છે. આ રીતે, હિન્દુ કેલેન્ડરમાં ૧૧ દિવસ ઓછા હોય છે આ દિવસો પુરા કરવા માટે દર ત્રણ વર્ષે અધિક માસ આવે છે, જેને મલમાસ અથવા પુરુષોત્તમ માસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

★દાનનું મહત્વ★

એવું માનવામાં આવે છે કે પુરુષોત્તમ માસ ભગવાન વિષ્ણુને ખૂબ જ પ્રિય છે. આ સમગ્ર માસ દરમિયાન શુભકામનાઓ અને ઉત્સવો મનાવવામાં આવે છે. બીજી તરફ મહિલાઓ આ આખો મહિનો સૂર્યોદય પહેલા સ્નાન કરે છે અને ઉપવાસ, દાન અને પૂજા કરે છે. અધિક માસમાં દાનનું વિશેષ મહત્વ છે. કહેવાય છે કે આનાથી દરેક પ્રકારના દુ:ખ ઓછા થઈ જાય છે.

★મલમાસ બન્યો પુરૂષોત્તમ માસ★

મલમાસનો કોઈ ગુરુ ન હતો, જેના કારણે તેની મજાક ઉડાવવામાં આવી. આવી સ્થિતિમાં તે ખૂબ જ દુ:ખી હતો. તેણે પોતાની વ્યથા નારદજીને કહી. પછી નારદજી તેમને ભગવાન કૃષ્ણ પાસે લઈ ગયા. ત્યાં મલમાસે પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું. ત્યારે શ્રી કૃષ્ણએ તેમને આશીર્વાદ આપ્યા કે આ મલમાસનું મહત્વ બીજા બધા મહિનાઓ કરતાં વધુ હશે. આ આખા મહિનામાં લોકો દાન-પુણ્ય કરશે અને તે મારા નામે પુરુષોત્તમ માસ કહેવાશે. આ રીતે મલમાસને સ્વામી મળ્યા અને તેનું નામ પુરુષોત્તમ માસ થયું.

આ વર્ષે અધિક માસની શરૂઆત ૧૮ જુલાઈએ થશે અને અધિક માસ પૂર્ણ ૧૬ ઓગસ્ટે થશે. પુરુષોત્તમ માસ દરમિયાન કેટલાક કાર્ય કરવાથી પુણ્યફળની પ્રાપ્તિ થાય છે સાથે જ કેટલાક કાર્ય કરવાનું ટાળવું પણ જોઈએ. અધિક માસ દરમિયાન ભગવાન વિષ્ણુની ઉપાસના કરવાથી વિશેષ ફળ પ્રાપ્ત થાય છે. આ સમય દરમિયાન શાલીગ્રામ ભગવાન સમક્ષ ઘીનો દીવો પ્રજવલિત કરવો જોઈએ.

અધિક માસ દરમિયાન ભગવત ગીતાના ૧૪માં અધ્યાયનું નિયમિત રીતે પઠન કરવાથી પણ પુણ્યફળ પ્રાપ્ત થાય છે. માનવામાં આવે છે કે આમ કરવાથી જીવનમાં આવેલી સમસ્યાઓ દૂર થાય છે.

આ વર્ષે શ્રાવણ અધિક માસ છે તેથી ભગવાન શિવની પૂજા કરવાનું પણ મહત્વ વધી જાય છે. શાસ્ત્રો અનુસાર અધિક માસ ભગવાન વિષ્ણુને સૌથી વધારે પ્રિય છે તેથી તેનું નામ પુરુષોત્તમ પણ રાખવામાં આવ્યું છે. જે પણ વ્યક્તિ પુરુષોત્તમ મહિનામાં ભગવાનની શ્રદ્ધાપૂર્વક આરાધના કરે છે તેને આ જીવનમાં પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે.

★અધિક માસ દરમિયાન આ કાર્ય કરવા★

૧. શાસ્ત્રો અનુસાર અધિકમાસ દરમ્યાન ભગવાન વિષ્ણુની પૂજા કરવી સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ સમય દરમિયાન ભગવાન સત્યનારાયણની પૂજા કરવાથી પણ શુભ ફળ મળે છે.

૨. અધિક માસ દરમિયાન ગ્રહદોષની શાંતિ માટે મહામૃત્યુંજય મંત્રનો જાપ કરવો પણ શ્રેષ્ઠ ગણાય છે.

૩. જો તમે કોઈ વિશેષ મનોકામના ની પૂર્તિ માટે યજ્ઞ કે અનુષ્ઠાન કરાવવાનું વિચારી રહ્યા હોય તો અધિક માસમાં આ કાર્ય કરવું સર્વ શ્રેષ્ઠ ગણાશે.

૪. શાસ્ત્રો અનુસાર અધિક માસ દરમિયાન ભગવાન વિષ્ણુ અને તેના બધા જ અવતારની પૂજા કરવી જોઈએ આ ૩૦ દિવસ દરમિયાન શક્ય હોય તેટલા તીર્થ સ્થળોના દર્શન કરવા પણ જવું જોઈએ.

# સુપ્રસિદ્ધ અમુલ ડેરીના ડાયરેક્ટર શ્રી જુવાનસિંહ હાથીસિંહ ચૌહાણ ભારતીય જનતા પાર્ટી છોડીને આજે તેમના ટેકેદારો સાથે કોંગ્રેસમાં જોડાયા



સુપ્રસિદ્ધ અમુલ ડેરીના ડાયરેક્ટર શ્રી જુવાનસિંહ હાથીસિંહ ચૌહાણ ભારતીય જનતા પાર્ટી છોડીને આજે તેમના ટેકેદારો સાથે કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ છે. છેલ્લી બે ટર્મથી સતત અમુલમાં ડાયરેક્ટર તરીકે ચુંટાઈને આવતા શ્રી જુવાનસિંહ ચૌહાણે તેમના ટેકેદારો સાથે આજરોજ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષમાં રાજીવ ગાંધી ભવન, અમદાવાદ ખાતે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને જોડાયા હતા.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના શાસનમાં રાજ્ય અને દેશને નવી ઉંચાઈઓ સુધી પહોંચાડે તેવી સહકારી સંસ્થા 'અમુલ'ની સ્થાપના કરવામાં આવી હતી. જે આજે જગવિખ્યાત તો છે જ સાથોસાથ મહિલા સશક્તિકરણ અને સ્થાનિક રોજગારી તેમજ સહકારી માળખાનું ઉપયોગ દર્શાવતુ ઉત્તમ મોડલ છે. ભારતીય જનતા પાર્ટીની સરમુખત્યારશાહી, અહંકારી વલણ અને સહકારીક્ષેત્ર વિરોધી વહિવટને કારણે ગુજરાતીઓ આજે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. રાજકીય દખલગીરીને કારણે ગુજરાતમાં સહકાર ક્ષેત્રનું માળખું દિવસે દિવસે તુટી રહ્યું છે. રાજ્યમાં અવારનવાર બ્રીજ તુટે, પેપર ફુટે, ભયમુક્ત ભ્રષ્ટાચાર ચાલે, ખેડૂતોની કોઈ સુનવાઈ નહી, યુવાનોને રોજગારી નહી, ફિક્સ પગાર, આઉટ સોસ'ગ અને કોન્ટ્રાક્ટ પધ્ધતિથી યુવાનોનું શોષણ, ગ્રામ્ય રસ્તાઓની બિસ્માર હાલત, શહેરોમાં ભ્રષ્ટાચારના કારણે પાણીના નિકાલ અને રોડ પર પડતા ખાડાઓની સમસ્યાઓ વિગેરે મુશ્કેલીઓ છે ત્યારે ગુજરાતીઓની અસ્મિતા માટે સેવાનો યજ્ઞ કોંગ્રેસ પક્ષે શરૂ કરેલ છે અને તેમાં અનેક લોકો જોડાઈ રહ્યાં છે. જેના ભાગરૂપે તા. ૨૧/૬/૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના ઉપપ્રમુખશ્રી વશરામભાઈ સાગઠીયા સહિત ૩૦ જેટલા પદાધિકારીઓ-હોદ્દેદારશ્રીઓ, તા. ૦૫/૦૭/૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ મનોજ ભૂપતાણી સહિત ૫૦ જેટલા પદાધિકારીઓ-હોદ્દેદારશ્રીઓ, તા. ૧૩/૦૭/૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી શ્રી હરેશ કોઠારી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ-હોદ્દેદારો અને આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા તે સૌને આવકાર કરુ છું.

આ પ્રસંગે શ્રી જુવાનસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, અમુલ ડેરીમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા બિનજરૂરી રાજકીય હસ્તક્ષેપ થઈ રહ્યો છે અને પરિણામે સભાસદોના હિતને પણ નુકસાન થઈ રહ્યું છે. વારંવાર ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વને ખૂબ જ પ્રતિષ્ઠિત સહકારી સંસ્થામાં રાજકીય હસ્તક્ષેપ ન થાય તે માટે વિનંતી કરી હતી પરંતુ કોઈ જ પરિણામ આવ્યું નથી ત્યારે જનહિતમાં અને અમુલ ડેરીના સભાસદોના હિતમાં મને યોગ્ય લાગ્યું છે કે ભારતીય જનતા પાર્ટી છોડવી જોઈએ અને ગુજરાતમાં એક લોકસેવાની નવી પહેલ સાથે કોંગ્રેસ પક્ષ આગળ વધી રહ્યો છે ત્યારે કોંગ્રેસ પક્ષમાં સામેલ થવાનો મેં મારા ટેકેદારો સાથે નિર્ણય કર્યો છે. અમુલ ડેરીના ડીરેક્ટર તરીકે સભાસદોના હિત માટે હું સતત લડતો રહીશ એમ પણ શ્રી જુવાનસિંહે જણાવ્યું હતું.

અમુલ ડેરીના ડીરેક્ટરશ્રી જુવાનસિંહ કોંગ્રેસ પક્ષમાં જોડાયા ત્યારે કોંગ્રેસ પક્ષના અનેક આગેવાનો તથા કાર્યકરો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, પ્રદેશ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી નટવરસિંહ ડાભી અને શ્રી કાળુસિંહ ડાભી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ પ્રવક્તાશ્રી હિરેનભાઈ બેંકર, ખેડા જીલ્લા કોંગ્રેસના પ્રભારીશ્રી ભીખાભાઈ રબારી, ખેડા જીલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી ચંદ્રશેખર ડાભી, ખેડા જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખશ્રી સુધાબેન ચૌહાણ, ખેડા જીલ્લા પંચાયતના સભ્યશ્રી દિલીપભાઈ સોઢાપરમાર, કોંગ્રેસના આગેવાનશ્રી બળદેવભાઈ લુણી વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

અમુલ ડેરીના પૂર્વ વાઈસ ચેરમેન, પ્રવર્તમાન ડીરેક્ટર અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમાર તથા કોંગ્રેસ પક્ષના આગેવાન અને અમુલના ડીરેક્ટર શ્રી સંજયભાઈ પટેલ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.



પ્રજાપતિ રાજુભાઈ વિશાલભાઈ પ્રજાપતિ જેઓ પાટણ. અમદાવાદ બાપુનગર એસ. ટી બસમાં કન્ડક્ટર તરીકે ફરજ બજાવે છે. ફરજ દરમ્યાન બસ માંથી એક બેગ મળેલ જેમાં સોનાના દાગીના અને કીમતી સામાન હતો. જે મૂળ માલિકને ઓળખ લઈ પરત કરી ચાણસ્મા ડેપો અને નિગમની પ્રતિષ્ઠામાં વધારો કરેલ છે



મોરેશિયસથી અમદાવાદ પધારેલા મા પીતામ્બરધામ સેંધવાના પીઠાધીશ ધર્મગુરૂ અને ભાગવતકથા વ્યાસ આચાર્ય શ્રી નાગેન્દ્ર શર્માએ આજે??ડો. જીવરાજ મહેતા હોસ્પિટલની મુલાકાત લઇ વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી અને તમામ દર્દીઓને ઝડપથી સાજા થવા આશીર્વાદ આપ્યા હતા. તેમણે સમગ્ર હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમને સરળ અને વ્યવસ્થિત સેવાઓ માટે ખૂબ પ્રોત્સાહિત અને પ્રશંસા કરી. આ પ્રસંગે હોસ્પિટલના સીઈઓ ડો.મનેશ અગરવાલ અને ટીમે તેમને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

# ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈકોનોમી (જી.સી.સી. આઈ) દ્વારા ગૌમય રાખડી બનાવવાનો ઓનલાઈન વેબિનાર



ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈકોનોમી (જી.સી.સી.આઈ) દ્વારા ગૌમય રાખડી બનાવવાનો ઓનલાઈન ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયને આપણે ગૌધન કહીએ છીએ, ગાય આપણી સંસ્કૃતિનો આધાર છે, ગૌ માતાની મહતાને ધ્યાનમાં રાખીને આર્થિક રીતે કિશાન, મજદૂર, યુવાન, મહિલા, ગૌપાલક સમૃધ્ધ થઈ શકે અને સાથે સાથે ભારત વર્ષની સમૃધ્ધિમાં વધારો કરી શકે. ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં 'ગૌધન' અને 'ગોબરથી ગોલ્ડ' ના માધ્યમથી ''મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મ નિર્ભર ભારત' નાં સ્વપ્નને સાકાર કરવામાં ગૌ આધારિત ઉદ્યમિતાનો ખૂબ મોટો સહયોગ પ્રાપ્ત થઈ શકે છે. જી.સી.સી.આઈ (ગ્લોબલ કંફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ) એ ગાય સંબંધિત વિવિધ પરિમાણો પર કામ કરવા માટે ૩૩ વિભાગો બનાવ્યા છે. રાષ્ટ્રીય કામધેનુ આયોગનાં પૂર્વ અધ્યક્ષ અને પૂર્વ કેન્દ્રીયમંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા જી.સી.સી.આઈનાં સંસ્થાપક છે. ગાયના છાણમાંથી બનેલી રાખડીઓ ભારતમાં જ બનતી હોવાથી આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરે છે. ગાયના પંચગવ્યમાંથી બનતી વિવિધ વસ્તુઓ ગૌમય રાખડી, ગૌમય ગણેશ, ગૌમય દીવડા બનાવતા શીખીને ગૃહ ઉદ્યોગ પણ ચલાવી શકાય છે. ગાયના છાણમાંથી બનતી રાખડી સંપૂર્ણપણે ઈકોફ્રેન્ડલી હોય છે. તેમાં દોરો પણ સુતરાઉ વપરાય છે. આથી તે વ્યક્તિ કે પર્યાવરણ બંનેમાંથી કોઈને નુકસાન કરતી નથી. સામાન્ય રાખડી રક્ષા બંધન પછી પહેરી શકાતી નથી. દરેક વ્યક્તિ પોતપોતાની માન્યતા અનુસાર તેનો નિકાલ કરે છે જ્યારે ગૌમય રાખડીને રક્ષા બંધન પછી બે દિવસ પહેરીને જમીનમાં દાટી દેવામાં આવે તો તે ફર્ટીલાઈઝરનું કામ પણ કરે છે. ગ્લોબલ ફેડરેશન ઓફ કાઉ બેઝડ ઈકોનોમી (જી.સી.સી.આઈ) દ્વારા આ એક ઉત્તમ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઓનલાઈન ક્લાસમાં મધ્યપ્રદેશથી ભાવના અગ્રવાલ, મહારાષ્ટ્રથી પ્રીતિ ટીમ્ભરે અને છત્તીસગઢથી રિતેશ અગ્રવાલ દ્વારા ગૌમય રાખડી બનાવવાની ટ્રેનિંગ આપવામાં આવશે. આ ટ્રેનિંગ ૧૯ જુલાઇ, બુધવારનાં રોજ સવારે ૧૧ થી ૧૨:૩૦ સુધી રાખવામાં આવી છે. આ ટ્રેનિંગમાં જોડાવવા માટે ગૂગલ મીટ લિન્ક રૅજ://દ્વીી.ર્પ્ર્પ્રક્ષ્રી.ર્ષ્દ્વ્રી-ીઅુ-જદ્ઘદ્ઘં પર જોડાવવાનું રહેશે. આ અંગે વિશેષ માહિતી માટે મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), પૂરીશ કુમાર (મો. ૬૩૯૩૩૦૩૭૩૮), અમિતાભ ભટ્ટનાગર (મો. ૮૦૭૪૨ ૩૮૦૧૭) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# દડવાના યુવાનનો વિડીયો ઉતારી બ્લેકમેલ કરી મરવા મજબૂર કરવા મામલે બે શખ્સ ઝડપાયા.

રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાની સુચના અને એસ.પી રવિ તેજા વાસમશેટી ના માર્ગદર્શનથી તેમજ ડીવાયએસપી ઠકરાર સાહેબની રાહબારી નીચે માણાવદર સીપીઆઈ તરલ ભટ્ટ તથા ટીમે દડવા ગામના યુવાનના આપઘાત પ્રકરણમાં તપાસમાં સનસનીખેજ ખુલાસા થયા



માણાવદર તાલુકાના દડવા ગામમાં યુવાનનો વિડીયો ઉતારી તેને પોલીસની ઓળખ આપી બ્લેકમેઈલ કરી મરવા મજબૂર કરનાર બે સાયબર ઠગને પોલીસે સુરતથી પકડી લઇ તપાસ કરતા ભાડે બેન્ક ખાતા રાખવામાં મહેર આ શખ્સોના બોગસ ખાતામાં અધધ કહી શકાય તેટલું ૬૭ કરોડનું ટ્રાન્જેક્શન થયાનું સામે આવ્યું હતું. આથી પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ પ્રકરણમાં પોલીસ તપાસ દરમિયાન તેલંગાણા ના પાંચ થી છ શખ્સો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. હાલ પોલીસ દ્વારા આ દિશામાં વધુ તપાસ કરવામાં આવી રહી છે.

માણાવદર તાલુકાના દડવા ગામમાં રહેતા અમિત ભાનજીભાઈ રાઠોડ ૨૩ નામના યુવાને ગત તારીખ ૧૯ જૂનના ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો તપાસ કરતા યુવાન સાયબર ક્રાઇમનો ભોગ બન્યો હતો જેમાં તેને અજાણ્યા વિડીયો કોલ કરી તેનો વિડીયો ઉતારી બ્લેકમેલ કરી પોલીસના નામે ધમકાવી ૪૮,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હોવાનું ખુલ્યું હતું. આ મામલે યુવાનને મરવા મજબૂર કર્યાની ફરિયાદ થઇ હતી માણાવદર સીપીઆઈ તરલ ભટ્ટ સહિતના સ્ટાફે આ અંગે તપાસ શરૂ કરી હતી જેમાં મોબાઈલ તથા સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરતા બેન્ક એકાઉન્ટ ઓરિસ્સા, આસામ, મણીપુર વિસ્તારના બોગસ એકાઉન્ટ હોવાનું સામે આવ્યું હતું તેમજ આ એકાઉન્ટ ભાડે રાખેલા અને ખોટા મોબાઈલ નંબરવાળા હતા. જે એકાઉન્ટમાં પૈસા આવતા તે તુરંત ઉપાડી અથવા ટ્રાન્સફર કરી નાખતા હતા એક એકાઉન્ટ સુરતનું મળ્યું હતું જેમાં પૈસા ટ્રાન્સફર થયા હતા તેની તપાસ કરતા તેમાં ૬૭ કરોડનું ટ્રાન્જેક્શન થયું હોવાનું જાણવા મળતા પોલીસ પણ ચોકી ઉઠી હતી આ એકાઉન્ટ વિશાલ તળાવિયા હેન્ડલ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. માણાવદર પોલીસની ટીમે સુરત તપાસ માટે ગઈ હતી પરંતુ વિશાલ મળ્યો ન હતો. ફરી જૈં તરલ ભટ્ટ સહિતનો સ્ટાફ ગયો ત્યારે મનોજ ઉર્ફે સની તેમજ તેલંગાણા ના પાંચ થી છ શંકાસ્પદ વ્યક્તિ ધ્યાનમાં આવ્યા હતા. વિશાલ તળાવીયા ને પોલીસે વેશ પલટો કરી પકડ્યો હતો. આ સમયે ફિલ્મી દ્રશ્ય સર્જાયા હતા પોલીસે વિશાલ તળાવીયા અને મનોજ ઉર્ફે સનીને પકડી લીધા હતા.

આ અંગે સીપીઆઈ તરલ ભટ્ટે જણાવ્યું હતું કે આ ટોળકીની મહિલાઓ રેન્ડમલી વિડીયો કોલ કરે છે સામેનો વ્યક્તિ એકલો હોય રોમેન્ટિક વાતો કરે છે અને અશ્લીલ વિડિયો ઉતારે છે બાદમાં બ્લેકમેલ કરી પોલીસના નામે ધમકાવી પૈસા પડાવે છે હજુ પ્રથમ તબકાના આરોપીઓને પકડવામાં આવ્યા છે હાલ આ ટોળકીના અન્ય શખ્સોને પકડવા માટે તપાસ કરવામાં આવી રહી છે.

# કેનેડાના ગ્રેટર બ્રિટિશ કોલંબિયા સ્ટેટ એસેમ્બલીનાં માનનીય સ્પીકરે જૈન આચાર્ય લોકેશજીને સ્ટેટ એસેમ્બલી વતી લેજિસ્લેટિવ કોમ્ન્ડેશન સન્માન અપાયું

અહિંસા વિશ્વ ભારતીનાં સ્થાપક પ્રસિદ્ધ જૈન આચાર્ય લોકેશજી, જેઓ કેનેડાથી અમેરિકા શાંતિ સંવાદિતા પ્રવાસ પર પહોંચ્યા હતા, તેઓને ગ્રેટર બ્રિટિશ કોલંબિયા સ્ટેટ એસેમ્બલીના સ્પીકર રાજ ચૌહાણ દ્વારા રાજ્યની વિધાનસભા વતી ×લેજિસ્લેટિવ કોમ્ન્ડેશન×થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જૈન સેન્ટર બીસી, કેનેડા અને ગ્રેટર બ્રિટિશ કોલંબિયા સ્ટેટ એસેમ્બલીના સ્પીકરે આચાર્યશ્રીને સભામાં આવવા આમંત્રણ આપ્યું.



રાજ્ય વિધાનસભાના માનનીય અધ્યક્ષ રાજ ચૌહાણે આચાર્ય લોકેશજીને વિશ્વમાં અહિંસા, શાંતિ અને સૌહાર્દને પ્રોત્સાહન આપવાના તેમના પ્રયાસો બદલ સન્માનિત કર્યા. સમગ્ર વિશ્વમાં અહિંસા, શાંતિ, સૌહાર્દ, માનવતા, પ્રેમ, પરસ્પર ભાઈચારાનો સંદેશ ફેલાવવાના ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્ય કરવા બદલ આચાર્ય લોકેશજીને આ સન્માન આપવામાં આવ્યું છે. આચાર્ય લોકેશજી વિશ્વની જનતા માટે આશાનું કિરણ છે જેઓ હંમેશા વિશ્વમાં આતંકવાદ, હિંસા અને ભેદભાવનો નાશ કરવા પ્રયત્નશીલ રહે છે. રાજ ચૌહાણે કહ્યું કે આચાર્ય ડૉ. લોકેશજી બધા માટે પ્રેરણા સ્ત્રોત છે અને જેમની ઉર્જા અને સિદ્ધિઓ આપણને આશા અને ભવિષ્યની ઝલક જોવામાં મદદ કરે છે. તેમણે કહ્યું કે પીસ એન્ડ હાર્મની ટૂર પર કેનેડા પહોંચેલા આચાર્ય લોકેશજીનું સન્માન કરવું એ આપણા સમુદાય અને કેનેડાના નાગરિકો માટે ગૌરવ અને ગર્વની વાત છે. તેમની મુલાકાત વિશ્વભરમાં શાંતિ અને સૌહાર્દને પ્રોત્સાહન આપશે.

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય ડો. લોકેશજીએ આ પ્રસંગે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આ સન્માન માત્ર મારું જ સન્માન નથી, સમગ્ર પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સન્માન છે, પ્રભુનું સન્માન છે. મહાવીર અને તેમણે આપેલા વિચારોનું સન્માન છે. આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા સાથે મળીને વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ સ્થાપવામાં મહત્વનું યોગદાન આપી શકે છે. આ પ્રસંગે જૈન સેન્ટર ગ્રેટર બ્રિટિશ કોલંબિયાના પ્રમુખ વિજય જૈને આચાર્ય લોકેશજી અને વિધાનસભાના અધ્યક્ષનું સ્વાગત કર્યું હતું.

# બાર કાઉન્સિલના નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો હતો:વકીલની સનદ માટે માત્ર ૭૫૦ ફી લેવા માટે હાઈકોર્ટનો આદેશ

વકીલાતના વ્યવસાય તરીકે ફી ભરવાના વિવાદ મામલે યુવક પાર્ટી ઇન પર્સન તરીકે હાઇકોર્ટમાં પોતાનો જ કેસ લડ્યો. વકીલ બનતા પહેલા એનરોલમેન્ટ ફી ભરવા મામલે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે ૨૫ હજાર ફી માગતા બાર કાઉન્સિલ સામે હાઇકોર્ટમાં અરજી કરી. અરજીમાં એવી રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ એનરોલમેન્ટ ફી રૂ.૭૫૦ ભરવાનો નિયમ છે પરતું તેની પાસેથી ૨૫ હજાર સ્પેશિયલ ફી માગવામાં આવી છે. આ ફી ગેરકાયદે ઉઘરાવવામાં આવે છે. જસ્ટિસ વૈભવી નાણાવટીએ પરમ સમીર દવેની અરજી પર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને નોટિસ પાઠવીને વધુ સુનાવણી ૨૨ ઓગસ્ટ પર મુકરર કરી છે.વકીલ બનવા માગતા યુવકે એવી દલીલ કરી હતી કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત જુદા જુદા નામ આપીને ઉમેદવારો પાસેથી સનદ માટે હજારો રૂપિયાની ફી વસૂલે છે. ગુજરાતમાં હજારો યુવાનો પોતાની કારકિર્દી શરૂ કરે તે પહેલા જ તેમની પાસેથી ગેરકાયદે ઉઘરાવાતી ફી તેમને આર્થિક રીતે પોષાય તેવી નથી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.